# Tamara Ahi Aaj Pagala Thavana Gujarati Lyrics

તમારાં અહી આજ પગલાં થવાનાં, ચમનમાં બધાંને ખબર થૈ ગઈ છે.
ઝુકાવી છે ગરદન બધી ડાળીઓએ, ફૂલોની ય નીચી નજર થઈ ગઈ છે.

શરમનો કરી ડોળ સઘળું જુએ છે, કળી પાંદડીઓના પડદે રહીને,
ખરું જો કહી દઉં તો વાતાવરણ પર તમારાં નયનની અસર થઈ ગઈ છે.

બધી રાત લોહીનું પાણી કરીને બછિાવી છે મોતીની સેજો ઉષાએ,
પધારો કે આજે ચમનની યુવાની બધાં સાધનોથી સભર થઈ ગઈ છે.

હરીફો ય મેદાન છોડી ગયા છે નહિાળીને કીકી તમારાં નયનની,
મહેકંત કોમળ ગુલાબોની કાયા, ભ્રમર – ડંખથી બેફકિર થઈ ગઇ છે.

પરમિલની સાથે ગળે હાથ નાખી- કરે છે અનલિ છેડતી કૂંપળોની,
ગજબની ઘડી છે તે પ્રત્યેક વસ્તુ, પુરાણા મલાજાથી પર થઈ ગઈ છે.

ઉપસ્થતિ તમે છો તો લાગે છે ઉપવન, કલાકારનું ચત્રિ સંપૂર્ણ જાણે,
તમે જો ન હો તો બધા કહી ઊઠે કે; વધિાતાથી કોઇ કસર થઈ ગઇ છે.

GujaratiLyrics.com